

જન્મશતાબ્દી પુસ્તકમાળા - ૨૧
શક્તિભંડાર સાથે
પોતાને જોડો
(પ્રવચન)
- પં.શ્રીરામશર્મા આચાર્ય

## ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

### દેવીઓ અને ભાઈઓ

મનુષ્યની સામાન્ય શક્તિ મર્યાદિત હોય છે. પ્રત્યેક પ્રાણીને ભગવાને એટલું આપ્યું છે કે જેના દ્વારા તે પોતાનું જીવન ગુજારી શકે. કીડી મંકોડા અને પશુપક્ષીઓને ફક્ત એટલું જ્ઞાન, સાધનો, શક્તિ અને ઈન્દ્રિયો મળી છે કે જેનાથી તેઓ પોતાનું પેટ ભરી શકે અને પ્રકૃતિની ઇચ્છા પૂરી કરવા બચ્ચા પેદા કરી શકે. તેમની પાસે એનાથી વધારે કશું જ નથી, પરંતુ તમારી પાસે ઘણુંબધું છે. એના કરતા વધારે મેળવવું હોય, જાણવું હોય, તો તમારે એ જગ્યાએ જવું પડશે. જયાં શક્તિના ભંડાર ભરેલા છે. એક જગ્યા એવી છે, જયાં બહુ શક્તિ ભરેલી છે, સંપત્તિનો તોટો નથી, સમૃદ્ધિનો પાર નથી. આખા વિશ્વનો માલિક કોણ ? ભગવાન. આ માલ સામાન તેમનો છે. એનાથી એમણે આ દુનિયા બનાવી છે. અહીં તમે જે જુઓ છો એ ભગવાનના ભંડારનો એક નાનો ચમત્કાર છે. પૃથ્વી સિવાય બીજા લોક પણ છે. એ બધા લોકમાં પણ ભગવાનના ભંડાર ભરેલા છે. ભગવાન બહુ માલદાર છે. તમને જો સંપત્તિની, સફળતાની, વિભૂતિની જરૂર હોય તો તમારો પુરુષાર્થ ભગવાનના કામમાં વાપરો. એ પુરુષાર્થ રૂપી ખર્ચ દ્વારા ભગવાન સાથે તમારો સંબંધ

જોડી લો. એમની સાથે જોડાવામાં જો તમે સમર્થ બન્યા તો એ તમારા જીવનનો સૌથી મોટો પુરુષાર્થ કહેવાશે. જો તમે ભગવાન સાથે સંબંધ જોડાશો. તો તમારું જીવન ધન્ય બની જશે.

માલદાર માણસ સાથે સંબંધ જોડવાથી કેટલો લાભ છે! લાલ બહાદુર શાસ્ત્રી કદમાં ઠીંગણા માણસ હતા, પરંતુ નહેરુ સાથે એમણે ગાઢ સંબંધ બાંધ્યો હતો. એના લીધે તેઓ એમ.પી. બન્યા. એમની મદદથી તેઓ યુ.પી. ના મિનિસ્ટર પણ બન્યા અને જવાહરલાલ નહેરુના મૃત્યુ પછી તેઓ વડાપ્રધાન પણ બન્યા. લાલ બહાદુર શાસ્ત્રી શાનદાર હતા. એમના પુરુષાર્થનું એટલું ફળ ન હતું કે જેટલું નહેરુની મદદનું હતું. નહેરુની નજરમાં લાલબહાદુરની ઇજ્જત વસી ગઈ હતી. એમણે જોયું કે આ માણસ ખૂબ ઉપયોગી છે. એને મદદ કરવી જોઇએ. આ જ વાત બધે લાગુ પડે છે. ભગવાન એક સર્વશક્તિમાન સત્તા છે. એમની સાથે જો તમે સંબંધ જોડી લો તો તમારી સમૃદ્ધિ અપરંપાર થઈ જશે. તમે જલારામબાપાની જેમ સંપન્ન બની જશો. તમે સુદામાની જેમ માલદાર બની શકો છો, વિભીષણ અને સુગ્રીવની જેમ મુસીબતોથી બચીને ખોયેલું સામ્રાજ્ય પાછું મેળવી શકો છો. નરસિંહ મહેતાની જેમ તમારી પર હૂંડી વરસી શકે છે. અહીં કોઈ પણ પ્રકારની કમી નથી. તમને એટલા માટે અહીં બોલાવ્યા છે કે તમે  ભગવાન સાથે સંબંધ બાંધી લો. તમે જે પૂજા, ઉપાસના અને ભજન કરો છો એનો મતલબ એ થયો કે તમે આ માધ્યમો દ્વારા

ભગવાન સાથે તમારો સંબંધ જોડી લો. એક ગરીબ છોકરીનું લગ્ન માલદાર પતિ સાથે થઈ જાય તો એ બીજા દિવસથી જ એ સંપત્તિની માલિક બની જાય છે, કારણ કે એણે પતિ સાથે સંબંધ જોડી દીધો છે.

સંબંધ જોડવા માટે શું કરવું પડે ? એના વિશે જ હું તમને કહેવા માગું છું. સંબંધ જોડવામાં લાંચ આપવી પડશે, ખુશામત કરવી પડશે એ ખ્યાલ તમારા મન માંથી કાઢી નાખજો. એવો વિચાર પણ ના કરશો કે મીઠી વાતો કરીને, ખુશામત કરીને ચાલીસા કે પાઠ કરીને ભગવાનને આપણા બનાવી દઈશું. ભગવાન સાથે ભાગીદારી કરવામાં વિશ્વાસ રાખજો. ભગવાન તમારી જુબાનને નહિ, તમારી દાનતને જુએ છે, દૃષ્ટિકોણને જુએ છે, ચરિત્રને જુએ છે. તમારા ચિંતનને અને તમારી ભાવનાને જુએ છે. જો તમે આમાં કંગાળ હશો, તો તમારા કર્મકાંડની બહુ અસર થશે નહિ. તમે જાણો છો ને કે એવા કેટલાય પંડિતો છે, જે બધા પ્રકારના વિધિ વિધાન અને કર્મકાંડ જાણે છે, છતાં પણ તેઓ દરિદ્ર હોય છે. તમ જોયું છે કે સાધુ, મહાત્મા જપ કરે છે, પૂજાપાઠ કરે છે, સ્નાન કરે છે, ધ્યાન કરે છે, તીર્થયાત્રા કરે છે, પરંતુ એમની દાનત, ભાવના અને દૃષ્ટિકોણ શ્રેષ્ઠ  ન હોય, વ્યક્તિત્વ ઊંચુ ન હોય, અંત કરણ સાફ ન હોય, તો લાલપીળાં કપડાં પહેરે એને એક પ્રકારનો આડંબર કહેવાય. જે નિત્યકર્મ તેઓ કરે છે એ પણ બેકાર જાય છે અને સામાન્ય માણસ કરતા પણ ગઈગુજરી જિંદગી જીવે છે.

ભગવાનની કૃપા એમને ક્યાં મળે છે ? ભગવાનને મેળવવાનો સાચો રસ્તો તમારે જાણવો જ જોઇએ. એના માટે તમારે શું કરવું પડશે ? ભગવાન સાથે જોડાવું પડશે. ભગવાન સાથે જોડાઈ જવું એને જ ઉપાસના કહે છે. ઉપાસનાનો અર્થ છે પાસે બેસવું. ભગવાન સાથે કેવી રીતે જોડાઈ જવું એનાં થોડા ઉદાહરણ આપું છું. તમે અગ્નિમાં લાકડાને સમર્પિત થતાં જોયું છે ને ? લાકડાની કિંમત કોડીની છે, પણ તે અગ્નિને સમર્પિત થઈ જાય છે તો જોતજોતામાં અગ્નિ બની જાય છે, ત્યારે આપણે એને અડકી શકતા નથી. જે ગુણ અગ્નિમાં છે તે ગુણ લાકડામાં આવી જાય છે, એ જ રીતે વ્યક્તિ અર્થાત્ જીવાત્મા પરમાત્મા સાથે મળી જાય તો પરમાત્માના ગુણ વ્યક્તિમાં ઉતરી આવે છે. એના માટે શું કરવું પડે ? તમે ભગવાનની નજીક આવો. નજીક આવવાનો એક જ રસ્તો છે - આપણી જાતને ભગવાનને સોંપી દેવી. ભગવાનની મરજી પ્રમાણે જીવન જીવવાનું. વ્યક્તિ જ્યારે પરમાત્મામાં ભળી જાય છે તો એ પરમાત્મામય બની જાય છે. તમારી અને મારી ઇચ્છા હોય કે આપણે ભગવાન સાથે ભળી જઈએ, તો આપણે આપણી ઇચ્છાઓ એમને સોંપી દેવી પડશે. આપણી ઇચ્છા પ્રમાણે ભગવાનને નહિ નચાવીએ, પણ આપણે ભગવાનની મરજી મુજબ ચાલીશું. એનું નામ સમર્પણ છે, વિલય અને વિસર્જન છે, એનું નામ જ શરણાગતિ છે. ઉપાસનાનું તત્વજ્ઞાન એના પર ટકેલું છે કે તમે ભગવાનના અનુયાયી છો કે નહિ, એમનું અનુશાસન માનો છો કે નહિ, ભગવાનની ઇચ્છા મુજબ ચાલો છો કે નહિ.

તમારી એ માન્યતા બરાબર નથી કે તમે તમારી મરજી પ્રમાણે ભગવાનને ચલાવો. ભગવાન તમારી મરજી પ્રમાણે શા માટે ચાલે ? ભગવાનના પોતાના પણ કેટલાક નીતિનિયમો છે, મર્યાદાઓ છે, કાયદાઓ છે. તમારી પ્રશંસાને કારણે તમારી મનોકામના પૂરી કરવા માટે ભગવાન એમના નીતિનિયમો છોડી દેશે ? મર્યાદા અને કાયદા કાનૂન છોડી દેશે ? ના, ભગવાન એવું નહિ કરી શકે. તમે તમારી જાતને એમને સોંપી દો. પછી જુઓ તમે ક્યાંથી ક્યાં પહોંચી જાઓ છો ? નાન સરખું વરસાદનું ટીપું સમુદ્રમાં પડે છે અને પોતાના અસ્તિત્વનું સમુદ્રમાં વિસર્જન કરી દે છે, તો તે સમુદ્ર બની જાય છે. ગંગામાં ભળી જતી ગંદી ગટરો ગંગાજળ બની જાય છે. આ કેવી રીતે બની ગયું ? ગટરે પોતાની જાતને સમર્પિત કરી દીધી.

પારસ લોખંડને અડકે તો સોનું બની જાય છે એ તમે સાંભળ્યું હશે. જો લોખંડ પારસને એમ કહે કે તમે લોખંડ બની જાઓ, તો પારસ લોખંડ બની શકતો નથી. લોખંડે જ બદલાવું પડે છે. ચંદનના વૃક્ષો પાસે ઉગેલા છોડ ચંદન પાસેથી સુગંધ લઈ ચંદન જેવા બની જાય છે, પણ તમે તો એવું વિચારો છો કે ચંદને જ આપણા જેવા બની જવું જોઇએ, પરંતુ ચંદન તમારા જેવું બની શકતું નથી. નાના છોડે જ ચંદન જેવા સુંગધીદાર બનવું પડે છે. તમે ભગવાનની સાથે વેલની જેમ લપેટા જાઓ. વેલને તમે જોઈ છે ને ? તે વૃક્ષ સાથે લપેટા જાય છે અને વૃક્ષ જેટલું ઊચું હોય છે એટલી વેલ પણ ઊંચી થઈ જાય છે.

જો વેલ પોતાની મરજી પ્રમાણે ફેલાતી રહે તો ફક્ત જમીન પર જ પથરાઈ શકે. સહારા વિના ઊંચે ચઢવું એના માટે શક્ય જ નથી. તમે પણ ભગવાન સાથે ભળી જાઓ, પછી જુઓ કે તમારી ઊંચાઈ પણ ઝ)ડ સાથે લપેટાયેલી વેલ જેટલી થઈ જશે. એમના અનુશાસનનું પાલન કરો. એમની ઇચ્છા પ્રમાણે ચાલો, પછી જુઓ ભગવાનની કમાલ. પતંગ પોતાની જાતને બાળકના હાથમાં સોંપી દે છે. બાળકના હાથમાં પતંગનો દોરો હોય છે, જેને ઝટકા મારી મારીને પતંગને આકાશમાં પહોંચાડી દે છે. પતંગ જો પોતાનો દોરો બાળકના હવાલે ન કરે તો એણે જમીન ઉપર જ પડી રહેવું પડે.

તમે તમારા જીવનની દોરી ભગવાનના હાથમાં ન સોંપો, તો પતંગની જેમ આકાશમાં ઉડવાની અપેક્ષા કેવી રીતે રાખી શકો ? દર્પણ સામે જેવી વસ્તુ હોય એવું એનું પ્રતિબિંબ દેખાય છે. તમારા જીવનમાં પણ દોષ, દુર્ગુણ અને મનોવિકારો ભરેલા છે, એટલે તમારું દર્પણ પણ, માનસિક સ્તર પણ એવો જ બની ગયો છે, પરંતુ જો તમે ભગવાનને તમારી સમક્ષ રાખશો, તેમની નજીક જશો તો પછી જુઓ કે તમારા જીવનમાં પણ ભગવાનનો દિવ્ય પ્રકાશ, ભગવાનની શક્તિ તમને પ્રાપ્ત થશે. બંસરી પોતાની પોલી અને ખાલી કરી દે છે. પોલી અને ખાલી થઈ ગયા પછી એ વગાડનાર પાસે જાય છે અને કહે છે કે તમે મને વગાડો, તમે જે કહેશો એ હું ગાઈશ. વગાડનાર ફૂંક માર્યા કરે છે અને વાંસળી વાગે છે. ભગવાનને ફૂંક મારવા દો અને તમે વગડાવવા તૈયાર થઈ જાઓ.

કઠપૂતળી દોરા એના ચાલકના હાથમાં હોય છે. ચાલકની આંગળીઓના ઈશારે કઠપૂતળી વગર કહે નાખવાનું શરૂ કરી દે છે. દુનિયા જુએ છે કે કઠપૂતળીનો ડાન્સ કેટલો સરસ છે. આ કઠપૂતળીની જેમ જો તમે ભગવાનના હાથમાં તમારી જિંદગી રૂપી દોરી સોંપી દેશો તો જીવનમાં મજા આવી જશે. તમે જનરેટર સાથે જોડાઈ જાઓ તો જ બલ્બ સળગશે, પંખા ચાલશે. તમે ભગવાનની વાત સાંભળો નહિ, તેમની સાથે જોડાશો નહિ, તો જયાં છો ત્યાં જ પડી રહેશો. તમારી કિંમત કશું નહિ રહે. તમે પ્રકાશ આપી શકશો નહિ. અનંત શક્તિ સાથે જોડાશો તો તમે ખૂબ કમાલ કરી શકશો. એટલે માણસની મોટામાં મોટી સમજદારી એ છે કે પોતાની જાતને ભગવાન સાથે જોડી દે. એમની શક્તિ જોડે પોતાની સત્તાને જોડી દે. આ કામ જરા પણ અઘરું નથી. નળ પાણીની ટાંકી સાથે જોડાઈ જાય છે, તો પાણી મળ્યા કરે છે. નળ એકલો કશા કામનો હોતો નથી, પરંતુ જ્યારે તે ટાંકી સાથે સંબંધ બાંધી લે છે તો એની કિંમત વધી જાય છે.

થોડાક સમય માટે હોય તો પણ શું જો તમે સાચા મનથી, એકાગ્રતાથી ભગવાન સાથે જોડાઈ રહો, તો ભગવાનની જે સંપત્તિ છે, જે વિભૂતિ છે તે ભક્તની બની જાય છે, પરંતુ તમારે તમારું સમર્પણ કરવું પડે છે. બીજ બનવું પડશે. એ બીજ ભગવાનના ખેતરમાં વાવવું પડશે. પછી કેવો પાક તૈયાર થાય છે ? મકાઈનો એક દાણો ખેતરમાં વાવો છો અને છોડ ઊગે છે. એ છોડ પર અનેક ડોડા લાગે છે. એ ડોડામાં કેટલા બધા દોણા હોય

છે. એક દાણાના સેંકડો દાણા થઈ જાય છે. એવી જ રીતે તમે તમારી જાતને ભગવાનના ખેતરમાં વાવો અને અંકુરિત થવા દો. પછી જુઓ તમારી સ્થિતિ કેવી થઈ જાય છે અને તમે ક્યાંથી ક્યાં પહોંચી જાઓ છો. તમે હિંમત નહિ કરો, બીજને આખી જિંદગી પોટલીમાં બાંધી રાખશો અને આશા રાખો કે જમીન અમારા ખેતરોને લહેરાવી દે અને અમારે ઓગળવું ન પડે તો એવું શક્ય છે ખરું ?

તમને ખબર છે ને કે ભગવાન પહેલાં ભક્ત પાસે માગે છે. પહેલાં હાથ ધરે છે પછી આપવાની વાત કરે છે. એમના હાથમાં તમે કશું નહિ મૂકો તો તમે શું મેળવી શકશો ? કંકુ, ચોખા ચઢાવી અને અગરબત્તી કરીને તમે ભગવાનને ખરીદી શકતા નથી. પૂજાપાઠ કરીને ભગવાનની કૃપાના અધિકારી નહિ બની શકો. તો પછી શું કરવું પડે ? તમારે તમારો દૃષ્ટિકોણ, ચિંતન અને ચરિત્ર, ભાવના અને લક્ષ્ય બધું જ ભગવાનની સાથે જોડવું પડશે. જ્યારે તમે આવું કરવા તૈયાર થશો તે દિવસે ભગવાનની કૃપા તમને આપમેળે મળી જશે. ભગવાનની ઇચ્છા તમે પૂરી કરો, પછીત મને બધુ મળે છે કે નહિ એ જુઓ. ભગવાન તમારી દાનત જુએ છે. સુદામાએ પહેલાં પૌઆની પોટલી આપી, પછી ભગવાને સુદામાને ન્યાલ કરી દીધા. શબરી પાસે ભગવાન ગયા હતા, તો સોનું, ચાંદી કે હીરા મોતી લઈને ગયા ન હતા. તેઓ માગવા ગયા હતા. કહ્યું કે હું ભૂખ્યો છું, કશુંક

ખાવાનું આપો. શબરી પાસે એંઠાં બોર હતા. જે કંઈ હતું એ બધું ભગવાનને આપી દીધું. ભગવાન ગોપીઓ પાસે ગયા હતા.

ગોપીઓને ભગવાન પ્રેમ કરતા હતા. એમને પૂછતાં કે મારા માટે શું લાવ્યાં છો ? કશું ન હોય તો છાશ પણ આપો. ભગવાન કર્ણ પાસે પણ ગયા હતા. બલિ પાસે પણ માગવા ગયા હતા. ભગવાન જયાં પણ જાય છે ત્યાં મનુષ્યની પાત્રતા પરખવા માટે, એની મહાનતાને વિકસાવવા માટે પહેલાં માગે છે. જો તમે બધું જ ભગવાનને હવાલે નહિ કરો, તો ભગવાનને તમે તમારા નહિ બનાવી શકો.

ભગવાનની ભક્તિ તમે કોને કહો છો ? સમર્પણને, પરંતુ તમે તો એમને કઠપૂતળીની જેમ નચાવવામાં અને ભક્તિના બદલામાં ઉચિત કે અનુચિત ફાયદો મેળવવામાં માનો છો. તમે તમારી ભક્તિની આ વ્યાખ્યા બદલો. ભક્તિ એટલે સમર્પણ. સમર્પણ કરો તો જ ભગવાનની કૃપા અને પ્રેમ મેળવી શકો. એના માટે શું કરવું પડે ? તમે ભગવાનની ઇચ્છા પ્રમાણે ચાલવા તૈયાર થઈ જાઓ. ભગવાને તમને મનુષ્યનું શરીર આપ્યું છે એના આધારે તમે ઘણું બધું કરી શકો છો. તમારી ઇચ્છાઓ પૂરી કરવા માટે તમારી પાસે કોઈ કમી નથી. તમારા હાથ કેટલા શક્તિશાળી છે. તમારામાં કેટલી બધી બુદ્ધિ છે ! તમારી આંખો અને જીભ કેટલી તેજ છે ! તમારી દૈનિક જરૂરિયાતો પૂરી કરવાની ભગવાન પાસે અપેક્ષા ના રાખશો. તમે જે પુરુષાર્થથી કમાઓ છો એનાથી સંતોષ માનો. તમે તમારી

ઇચ્છાઓ અને મહત્વાકાંક્ષાઓ પુરી કરવા ભગવાનને મજબૂર કરશો ? તેઓ એમના કર્તવ્યને છોડી દે અને તમારા માટે પક્ષપાત કરવા તૈયાર થાય એવું બની શકે નહિ. ભગવાનને ન્યાયના માર્ગ પર ચાલવા દો. જો કે તમે આવું ઇચ્છશો તો પણ ભગવાન એવું નહિ કરે.

એનો એક જ રસ્તો છે કે તમે એ શક્તિ ભંડાર સાથે જોડાઈ જાઓ. તમે એમની ઇચ્છા પ્રમાણે ચાલો. તમે તમારી ઇચ્છાઓને ખતમ કરી દો. તમે એમના બની જાઓ. તમે ભગવાનના બની જશો, તો ભગવાન પણ તમારા બની જશે. રાજા હરિશ્ચંદ્ર સત્ય માટે એકવાર વેચાયા હતા, ભગવાન પણ વેચાવા માટે ચૌટે ઊભા છે. કહે છે કે જે મને ખરીદશે એની સેવા કરીશ, એમની સાથે રહીશ. તમે ઇચ્છો તો ખરીદી શકો છો. શું કિંમત છે એમની ? તમે પહેલાં ભગવાનના હાથોમાં વેચાઈ જાઓ, પછી ભગવાનને તમે ખરીદી લો. સ્ત્રી પોતાના પતિને સમર્પિત થઈ જાય છે અને એના બદલામાં એ પતિને ખરીદી લે છે. બસ, આ જ દોસ્તી અને ભક્તિનો રસ્તો છે. તમે તમારા ખરાબ ચિંતનને બદલો, દૃષ્ટિકોણ વિશાળ બનાવો. લોભ અને લાલચને છોડી દો. ભગવાનની સુંદર દુનિયાને સજાવવા માટે, શાનદાર બનાવવા માટે એમના રાજકુમારની જેમ એમની સંપત્તિની રક્ષા કરો. દુનિયાને શ્રેષ્ઠ બનાવવા તનતોડ મહેનત કરો. તમે ભગવાનને સમર્પિત થઈ જાઓ. એમનું શરણું ગ્રહણ કરો, એમનામાં વિલીન થઈ જાઓ. બીજની જેમ ઓગળી જાઓ.

વૃક્ષની જેમ ઊગવા તૈયાર થઈ જાઓ. જો તમે ત્યાગ નહિ કરો, તો પ્રાપ્ત કેવી રીતે કરી શકશો ? જપ કરવા જરૂરી છે, પણ એકલા જપથી કામ નહિ ચાલે. એના માટે તમારા વિચારોને તથા દૃષ્ટિકોણ બદલો. ૐ શાંતિ :

## સાધનાની શ્રેષ્ઠતમ પ્રાપ્તિ : સમર્પણ

ત્રિપદા ગાયત્રીના ત્રણ ચરણ વાસ્તવમાં જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગ રૂપી ત્રણ પગથિયાં છે. તેમના દ્વારા ઉપાસનાના ઊંડાણ સુધી પહોંચીને રિદ્ધિ-સિદ્ધિઓ મેળવી શકાય છે. પ્રથમ બે પગથિયાં સાધકની પ્રારંભિક અવસ્થા છે. વાસ્તવમાં ભક્તિયોગ સુધી પહોંચવું અને પરમ સત્તામાં  પોતાનું સમર્પણ અને વિસર્જન કરી દેવું એ જ સાધકનું લક્ષ્ય હોય છે. અગ્નિમાં સમર્પિત થનારું ઈંધણ અગ્નિરૂપ બની જાય છે એવી આ અવસ્થા છે. ભક્તની સમગ્ર ભાવ સંવેદના ઈશ્વર જેવી ઉદાર અને મહાન બનતી જાય છે. આદર્શોના સમૂહ એ  પરબ્રહ્મની સાથે જોડાઈને આત્મા પરમાત્મામાં સમર્પિત થઈ જાય છે. આ જ સમર્પણ સાધના છે. એને જ અદ્વૈત ચિંતન કહે છે. તાદાત્મ્ય સધાતા ઈશ્વર દર્શનનો એવો રસાસ્વાદ થવા માંડે છે કે તેની તરસમાં જીવ કસ્તૂરીમૃગની જેમ દરેક દિશામાં દોડતો ફરે છે. તેથી ભક્તિ યોગને સૌથી ઊંચો માનવામાં આવ્યો છે. મીરા કહેતાં  કે 'સબસે ઊંચી પ્રેમ સગાઈ'.

અધ્યાત્મની ત્રણ અવસ્થાઓ છે - બાલ્યાવસ્થા, તરુણાવસ્થા અને વૃદ્ધાવસ્થા. પ્રારંભિક સ્થિતિમાં જાણકારી મેળવવી તે જ્ઞાનયોગ છે. પોતાના વિચારો અને વિશ્વાસને મજબૂત કરીને પછી કર્મ કરવું, આચરણને તે બીબામાં ઢાળવું તે કર્મયોગ તરુણાવસ્થા છે. જ્ઞાન અને કર્મના આધારે મનોભૂમિ પરિપકવ બને છે અને દૃષ્ટિકોણ ઉચ્ચ બને છે. તેના લીધે ત્યાગ, સેવા, ઉદારતા અને પ્રેમનો નિરંતર પ્રવાહ અંતઃકરણમાંથી ફૂટી નીકળે છે. તે પ્રેમના પ્રવાહને ઈશ્વરની, નર નારાયણની ઉપાસનામાં પ્રવાહિત કરવો તે ભક્તિયોગ વૃદ્ધાવસ્થા છે. બીજા શબ્દોમાં વિદ્યાર્થી અવસ્થા જ્ઞાન યોગનો સમય છે. યુવાની કર્મયોગની સ્થિતિ છે. તેમાં કર્તવ્યપરાયણતાનું પાલન કરવામાં આવે છે. વૃદ્ધાવસ્થા પ્રેમ, પરોપકાર અને આત્મીયતાનો ફેલાવો કરવાની ભક્તિ યોગની અવસ્થા છે.

ભક્તિયોગ આધ્યાત્મિક વૃદ્ધાવસ્થાની સાધના છે. જ્ઞાન અને કર્મ દ્વારા પુષ્ટ થયેલા વૃક્ષ ઉપર ભક્તિનું ફળ લાગે છે. ભક્તિમાં તન્મયતા  હોય છે, આવેશ હોય છે, લગન હોય છે, ઉન્માદ હોય છે, રસ હોય છે, વ્યાકુળતા હોય છે અને પોતાના પ્રેમીમાં ભળી જવાની તીવ્ર ઉત્કંઠા હોય છે. ભક્ત પોતાને ભુલી જાય છે.

ગાયત્રી સાધનામાં સ્થૂળ શરીર કર્મયોગથી અને સૂક્ષ્મ શરીર જ્ઞાન યોગથી શુદ્ધ તથા પવિત્ર બને છે. કારણ શરીરને સુસંસ્કારી બનાવવા માટે ભક્તિ યોગનું વિધાન છે. તેની અંતર્ગત ઉપાસના પણ આવે છે. જપ, ધ્યાન વગેરે બધી ક્રિયાઓનો સમાવેશ ઉપાસનામાં

થાય છે. ગાયત્રી મહામંત્રના જપની સાથે જો તલ્લીન થવાનો, ભાવવિહ્વળ થવાનો, માનો પાલવ પકડવાનો અને પોતાને વિસર્જિત કરી દેવાનો ભાવ જાગે તો માનવું જોઇએ કે આપણે ભક્તિ યોગની સાધના કરી રહ્યા છીએ. ત્રિપદા ગાયત્રીની સાધના એવી રીતે કરવી જોઇએ કે જેની સાથે જ્ઞાન, કર્મ તથા ભક્તિ યોગનો સમન્વય હોય. પ્રથમ બેનું કાર્ય પૃષ્ઠભૂમિ બનાવવાનું છે, જ્યારે ભક્તિ યોગનું પરાકાષ્ઠાવાળું રૂપ સાધનાનું સર્વોચ્ચ સોપાન છે. આપણે ત્યાં સુધી પહોંચવા માટે સતત પ્રયાસ કરવો જોઇએ. ગાયત્રી સાધના અને એમાં પણ સંધિ કાળની સાધના આના માટે સર્વશ્રેષ્ઠ અવસર છે તથા માનવ માત્ર માટે એક સૌભાગ્ય છે.

સમર્પણ માટે ભગવાન એટલું જ કહે છે કે તમારી વ્યક્તિગત મહત્વાકાંક્ષાઓને અને તમારા અહમને ઈશ્વરને સમર્પિત કરી દો. ત્યાર પછી સમર્પણનો જે સાચો લાભ મળવો જોઇએ તે અનેક પ્રકારની કૃપાના રૂપે ભક્તને મળે છે. વ્યક્તિનું સમષ્ટિમાં, સંક્રિર્ણતાનું ઉદારતામાં અને નિકૃષ્ટતાનું ઉત્કૃષ્ટતામાં વિસર્જન કરવું પડે છે. આધ્યાત્મિક સિદ્ધાંતોમાં સમર્પણનું મહત્વ અનેક સ્થળે જુદી જુદી રીતે બતાવવામાં આવ્યું છે. ગોપીઓ સાથે કૃષ્ણ રાસ રમતા એની પાછળ એ જ પ્રેરણા છે કે ભક્તની બધી પ્રવૃત્તિઓ આત્માના પોકારનું, વેણુનાદનું અનુસરણ કરે. અર્જુનને પણ ભગવાન કૃષ્ણે આવું જ કરવાનું કહ્યું હતું. ભક્તિયોગના અનેક કૃત્યો પૂજા, સ્તવન, અર્ચના વગેરેમાં સમર્પણની ભાવનાને પ્રબળ

બનાવવાનો જ અભ્યાસ કરવામાં આવે છે. ભક્તિ યોગમાં સમર્પણની જ પ્રધાનતા છે. વેદાંતમાં અદ્વૈતના પ્રતિપાદનમાં ભક્તિ યોગનું સમર્પણ યોગનું જ સમર્થન કરવામાં આવ્યું છે.

સમર્પણના ચમત્કારી પરિણામો બધે જ જોવા મળે છે. બીજની શક્તિ સાવ થોડી તથા નગણ્ય હોય છે, પણ જ્યારે તે તુચ્છતા માંથી બહાર નીકળીને ધરતી માતાની ગોદમાં સમર્પણ કરે છે ત્યારે તેમાંથી નાનકડો અંકુર ફૂટે છે. સૂર્યના કિરણો તેને શક્તિ આપે છે. પવન તેને પંખો નાખે છે. મેઘ તેનું અભિસિંચન કરે છે. સમગ્ર પ્રકૃતિ તેની સેવા કરે છે અને તેના વિકાસ માટે મંડી પડે છે. બીજ ઉપર વધે છે અને પોતાના મૂળ ધરતીની અંદર મજબૂત કરી દે છે. તે ઊંચે વધે છે અને એક વિશાળ વૃક્ષ બની જાય છે. તેની છત્રછાયામાં સેંકડો જીવજંતુઓને પોષણ અને વિશ્રામ મળે છે. તે એક નાનકડું બીજ પોતાના સમગ્ર જીવન દરમિયાન બીજા કરોડો બીજ પેદા કરવાનું ગૌરવ પ્રાપ્ત કરે છે. નાનકડા  બાળકમાં કોઈ શક્તિ હોતી નથી, પરંતુ સમર્પણના આધારે તેને તમામ સુવિધાઓ પ્રાપ્ત થાય છે.

સમર્પણનું ચમત્કારી પરિણામ દાંપત્યજીવનમાં પણ જોવા મળે છે. પતિ આગળ પોતાના તન, મન અને આત્મા સર્વસ્વનું સમર્પણ કરનારી પત્ની કશું ગુમાવતી નથી, પરંતુ બધું

જ પ્રાપ્ત કરે છે. તે ઘરની માલિક બની જાય છે. પતિને જે અધિકારો અને સગવડો મળે છે તે તેને પણ વગર પ્રયત્ને મળી જાય છે.

સમર્પણનો અર્થ છે - વિસર્જન, વિલય. આગમાં પડીને લાકડું પણ અગ્નિસ્વરૂપ બની જાય છે. દૂધ અને પાણી ભેગાં મળતા એક બની જાય છે. ગંદી ગટર ગંગામાં ભળી જતા ગંગાની વિશેષતાઓ પ્રાપ્ત કરે છે. ભક્ત પણ સમર્પણ કરીને ભગવાન જેવો જ બની જાય છે. એમના ગુણોને તેણે પોતાના જીવનમાં ઉતારવા પડે છે. ભક્તિનો અર્થ આજીજી કે ખુશામત નથી, પરંતુ પ્રખર પરાક્રમ માટે પોતાને તૈયાર કરવાનો છે. પોતાના ગુણ, કર્મ અને સ્વભાવને પરમાત્માના આદર્શોને અનુરૂપ બનાવવા પડે છે. ભક્ત અને ભક્તિની એક જ કસોટી છે કે શ્રેષ્ઠ ઉદ્દેશ્યો માટે તે શરીર, મન અને અંતઃકરણથી કેટલું સમર્પણ કરે છે. શરીરની ક્રિયાશીલતા, મગજની વિચારણા અને અંતઃકરણની ઉદારતાનો પરમાર્થનાં કાર્યો માટે કેટલો વધારે ઉપયોગ કરે છે.

સમર્પણ ભક્તિની તથા નિષ્ઠાની પરખ છે. એક સંતે કહ્યું છે કે સમર્પણનો અર્થ છે - "મન પોતાનું, પણ વિચાર ઈષ્ટ ના, હૃદય પોતાનું પણ ભાવનાઓ ઈષ્ટની અને શરીર પોતાનું, પરંતુ કર્તવ્ય ઈષ્ટનું" આ વ્યાખ્યા પ્રમાણે જીવે પોતાના અહંકાર માંથી સંપૂર્ણ રીતે મુક્ત થવું પડે છે. શરીર, મન અને અંત કરણ પર પોતાનું આધિપત્ય હોવા છતાં પણ એમની વિશેષતાઓ અને ક્ષમતાઓ સંપૂર્ણ રીતે ઇષ્ટદેવ માટે અર્થાત્ ઉચ્ચ કાર્યો માટે વપરાવી

જોઇએ. સમર્પણ માટે એ ભાવનાને સદાય પરિપુષ્ટ કરવી પડે છે કે "હુ પતંગિયા જેવો છું અને ઇષ્ટદેવ દીવો છે. અનન્ય પ્રેમના કારણે દ્વૈત માંથી અદ્વૈત તરફ આગળ વધી રહ્યો છું. પોતાના ઈષ્ટની સાથે, પ્રિયતમની સાથે એક થઈ રહ્યો છું. જે રીતે પતંગિયું દીપક ઉપર આત્મસમર્પણ કરે છે, તેના પ્રકાશ પુંજમાં લીન થઈ જાય છે એ જ રીતે હું મારા અસ્તિત્વને, આ અહંકારને છોડીને બ્રહ્મમાં, સમષ્ટિ ચેતનામાં વિલીન થઈ રહ્યો છું. "

સમર્પણમાં આશાઓ તથા આકાંક્ષાઓ માટે કોઈ સ્થાન નથી. પરમાર્થની સાધના કે મોક્ષ માટે સમર્પિત થઈને બધી કામનાઓનો ત્યાગ કરવો પડે છે.

અંતઃકરણમાં કોઈ છળ કે કપટ નથી હોતું. પોતાની બૌદ્ધિક ક્ષમતાઓ, સક્રિયતા, પ્રગતિ એ બધું જ ધ્યેય માટે સમર્પિત કરવામાં આવે એ જ સાચી સાધના છે. એમ કરવાથી આપણું પ્રયોજન સાંસારિક હોય કે આધ્યાત્મિક, છતાં અડધી મંજિલ તો તરત જ પૂરી થઈ જાય છે. સાથેસાથે એ સમર્પિત આત્માને ઈશ્વરના સાંનિધ્યનો એક એવો દિવ્ય લાભ મળે છે કે જેના માટે જન્મજન્માંતરો સુધી યોગાભ્યાસ અને બીજી લાંબી સાધનાઓ કરવી પડે છે. સત્પ્રવૃત્તિઓ તથા ઉચ્ચ આદર્શો માટે સમર્પિત જીવનનો અર્થ છે - પરમાત્માને સમર્પિત જીવન. આવા સાધક માટે જ ભગવાન કૃષ્ણે ગીતામાં કહ્યું છે, "તું તારું મન અને બુદ્ધિ મારા ઈશ્વરીય કાર્યોમાં વાપર. આ રીતે તું મારામાં જ નિવાસ કરીશ અને મને જ પ્રાપ્ત કરીશ એમાં કોઈ શંકા નથી." સાચા સમર્પણની આ જ ફલશ્રુતિ છે.

જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતી આપો સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્દબુદ્ધી સ્થપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન જનને વંચાવવા તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિ:શુલ્ક મંગાવો. પ્રાપ્તિસ્થાન : ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદ ટે.નં. ૦૭૯ ૨૭૫૫૭૨૫૨

પ્રકાશન : યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩

ફોન : ૦૫૬૫-૨૫૩૦૧૨૮,  ફેકસ : ૦૫૬૫-૨૫૩૦૨૦૦

E-Mail : yugnirman@awgp.org.